# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/011 Dt. 19/06/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં રોડ સેફટી ટ્રાફિક એવરનેસ પ્રોગ્રામ યોજાયો

### સ્કૂલમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને પોલીસ અધિકારીઓ તથા ચેમ્બરના સભ્યો દ્વારા ટ્રાફિક નિયમન અને રોડ સેફટી માટે ટ્રાફિકના નિયમો વિષે વિસ્તૃત જાણકારી અપાઇ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૬ જૂન ૨૦૨૫ના રોજ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એક્સપેરિમેન્ટલ સ્કૂલમાં રોડ સેફટી ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમન અને રોડ સેફટી માટે ટ્રાફિકના નિયમો વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ વિદ્યાર્થીઓને વાહન ચલાવતી વખતે હેલમેટ પહેરવું કેટલું મહત્વનું છે તેના વિષે સમજણ આપી હતી. સાથે જ ટ્રાફિકના સિગ્નલ અને નાની ઊંમરે વાહન ચલાવવાથી તેમજ રોંગ સાઈડમાં વાહન ચલાવવાથી અને ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાથી થતાં ગંભીર અકસ્માતોની માહિતી આપી અકસ્માતોથી બચવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

પોલીસ ઈન્સ્પેકટર એસ.પી. ગોસ્વામીએ વિદ્યાર્થીઓને પોતાની તથા અન્યોની સુરક્ષા માટે ટ્રાફિક અંગેના નિયમોનું પાલન કરવા અને ટ્રાફિકના નિયમનમાં પોલીસને સહકાર આપવા માટે અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી રમેશ શાહ, ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના શ્રી જયેશ નાણાવટી અને સુશ્રી અર્ચનાબેન દેસાઇ, ડિસ્ટ્રિકટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રેસિડેન્ટ અને રોડ સેફટી ટ્રેઈનર શ્રી બ્રિજેશ વર્મા, સ્કૂલના પ્રિન્સીપાલ સુશ્રી તૃપ્તીબેન અને શિક્ષકોએ રોડ સેફટી ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.